**<u>સમરી સ્યુટ નં.૦૮/૨૦૨૫</u>**

**:: વાદીની આંક-૦૮ ની સમન્સ ફોર જજમેન્ટની અરજી તેમજ**
**પ્રતિવાદીની આંક-૧૦ ની લીવ ટુ ડીફેન્ડની અરજી લગત સંયુકત હુકમ ::**

(૧) આ કામના વાદી તરફે હાલની આંક-૦૮ ની અરજી રજુ કરી સી.પી.સી.ની ઓર્ડર ૩૭, રૂલ-૩ મુજબ સમન્સ ફોર જજમેન્ટનો હુકમ તેઓના લાભમાં કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે અને પ્રતિવાદી તરફે આંક-૧૦ થી સી.પી.સી. ઓર્ડર ૩૭, રૂલ ૩(૫) ની જોગવાઈ મુજબ લીવ ટુ ડીફેન્ડની અરજી મંજુર કરી સદર દાવાને રેગ્યુલર દાવા તરીકે ચલાવવા અરજ ગુજારેલ છે. વાદી તરફે પ્રતિવાદીની ઉપરોકત આંક-૧૦ ની અરજી વિરુધ્ધ આંક-૧૧ થી પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્ડની અરજી સામે લેખિતમાં વાંધાઓ રજુ કરેલ છે. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, સદર કામના વાદી એ કો.ઓ.ક્રેડિટ સોસાયટી છે અને ઠાસરા મુકામે કાર્યરત છે. વાદી અને સોસાયટીઝ એકટ મુજબ નોંધાયેલ કો.ઓ. ક્રેડિટ સોસાયટી છે અને તેઓ સોસાયટીના નિયમો મુજબ થાપણો સ્વીકારવાનુ તથા અલગ અલગ લોન-કર્જ આપવાનુ તથા અન્ય નાણાકીય વ્યવહારો કરવાનુ કામ કરે છે. આ કામના પ્રતિવાદીને તેમના અંગત કામ માટે નાણાની જરૂરીયાત ઉભી થતા તેઓ તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ વાદી સંસ્થામાં આવી સોનાના હાર નંગ-૨, સોનાની બંગડી નંગ-૪, સોનાનું મંગળસૂત્ર નંગ-૨, સોનાની માળા નંગ-૧, સોનાનું લોકીટ નંગ-૫, જેનુ કુલ વજન- ૨૨૨.૮૦૦ મીલીગ્રામ લઈ આવી તે સોના ઉપર ગોલ્ડ લોન જોઈએ છે તેમ જણાવતા વાદી સંસ્થાના અધિકૃત કરેલ ચોકસી તરીકે સેવા આપતા ચિરાગકુમાર જગદીશભાઈ ચોકસીનાઓ પાસે સોનાની ખરાઈ કરવા સંસ્થામાં બોલાવેલ અને તેની ખરાઈ ચિરાગકુમાર ચોકસીનાઓએ કરેલ અને તે ખરાઈ અંગેનું પ્રમાણપત્ર આપેલ, જેથી તે સમયે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂા.૩૨,૫૦૦/- ચાલતો હોય

પ્રતિવાદીએ રજુ કરેલ તમામ સોનાના દાગીનાની કુલ રૂા.૬,૯૨,૨૫૦/– થતી હતી, પરંતુ સંસ્થાના નિતી નિયમો પ્રમાણે પ્રતિવાદીને આપવાપાત્ર રકમ રૂા.૪,૮૪,૦૦૦/– થતી હોય અને પ્રતિવાદી પણ તે ગોલ્ડ ધિરાણ મેળવવા સંમત હોય પ્રતિવાદીએ તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ અરજી કરેલ, જે અરજી વાદી સંસ્થાએ તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ સ્વીકારી પ્રતિવાદીની લોન મેળવવા બાબતની અરજી ધિરાણ વ્યવસ્થાપક બોર્ડની મંજુરીની અપેક્ષાએ ધિરાણ મંજુર કરી જરૂરી દસ્તાવેજી પુરાવાઓમાં પ્રતિવાદીની સહીઓ કરી જે તે સમયે પ્રતિવાદીએ વાદીની સંસ્થાના નિયમો મુજબ ગોલ્ડ ધિરાણ રૂા.૪,૮૪,૦૦૦/– નું મંજુર કરેલ અને પ્રતિવાદીએ ૮.૭૫% ના વ્યાજ સહિત સદર ધિરાણ લીધેલ અને રકમ નિયમિત રીતે પરત સંસ્થામાં ભરવાનુ નકકી થયેલ. જે પ્રતિવાદીની ગોલ્ડ લોન ધિરાણનો ખાતા નં.જી.૧૯૪૫ આપવામાં આવેલ. સદર ધિરાણ પ્રતિવાદીએ તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ સુધીમાં ભરપાઈ કરવાની શરતી હતી અને તે અંગે પ્રતિવાદીએ વાદી સંસ્થામાં ડીમાન્ડ પ્રોમીસરી નોટ ઉપર સહીઓ અને કબુલાત કરી લોન મેળવેલ હતી અને સદર ધિરાણ લીધા તારીખથી એક વર્ષમાં લીધેલ રકમ ઉપર થતા વ્યાજ સહિત ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારેલ હતી. સદર ધિરાણ વાદી સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની તા.૨૪/૦૨/૨૦૨૩ ની મીટીંગના ઠરાવ નં.૪ થી બહાલી આપવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રતિવાદીએ ઉપરોકત ધિરાણ વાદી સંસ્થામાં સમયસર નહી ભરતા વાદીએ પ્રતિવાદી પાસે વારંવાર લેણા નાણાની માંગણી કરેલ પરંતુ પ્રતિવાદી વાદી સંસ્થાના કાયદેસરના નાણા ડુબાડવા માંગતા હોય પ્રતિવાદીએ તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી ધિરાણની રકમ વાદી સંસ્થામાં ચુકવેલ ન હોય પ્રતિવાદી પાસેથી વાદી સંસ્થાને તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ સુધીમાં વ્યાજ સહિત કુલ રૂા.૬,૨૫,૦૧૮/– વાદી સંસ્થાએ લેવાના બાકી નીકળતા હતા તેમ છતા પ્રતિવાદીએ વાદી સંસ્થાની સદર બાકી નીકળતી રકમ ચુકવેલ ના હોય જેથી વાદીએ તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ તેઓના વકીલશ્રી મારફતે નાણા વસુલ મેળવવા રજી.પો.એડીથી લીગલ ડીમાન્ડ નોટીસ આપેલ, જે નોટીસ પ્રતિવાદીને

તા.૦૬/૦૬/૨૦૨૫ ના રોજ તેમના સરનામે બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ વાદી સંસ્થામાંથી લીધેલ ગોલ્ડ લોન ધિરાણની તા.૩૧/ ૦૩/૨૦૨૫ ના રોજ સુધીની વ્યાજ સહિતની રકમ રૂા.૬,૨૫,૦૧૮/– વાદી સંસ્થાને ચુકવી આપેલ ન હોય કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ ન હોય વાદી સંસ્થાને હાલનો દાવો દાખલ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોય હાલનો દાવો દાખલ કરી નીચે મુજબની દાદ માંગેલ છે.

(અ) ગઈ તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ વાદી સંસ્થામાં આવી આ કામના પ્રતિવાદીએ ગોલ્ડ ધિરાણ ખાતા નં.જી.૧૯૪૫ થી રૂા.૪,૮૪,૦૦૦/– મેળવી તા.૩૧/૦૩/ ૨૦૨૫ ના રોજ સુધી નહી ભરતા આ કામના પ્રતિવાદી પાસે વ્યાજ સહિત કુલ રકમ રૂા.૬,૨૫,૦૧૮/– બાકી પડે છે, જે રકમ વસુલ થતા સુધીના ૧૨% ના ચઢતા વ્યાજ સહિત આ કામના પ્રતિવાદી પાસે વાદી સંસ્થાને ચુકવી આપે તેવો હુકમ વાદીની તરફેણમાં ફરમાવવા અરજ ગુજારેલ છે.

(બ) આ કામના પ્રતિવાદી જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો પ્રતિવાદીની સ્થાવર જંગમ મિલ્કતનુ વેચાણ કરી તેમાંથી વસુલ મેળવે તેવો હુકમ વાદીની તરફેણમાં કરવા અરજ ગુજારેલ છે.

(ક) આ સિવાય નામ. કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ વાદીની તરફેણમાં આપવા અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે વાદીએ સદર સમરી દાવો તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ, જે સમરી દાવા લગત અત્રેની અદાલતે પ્રતિવાદી વિરુધ્ધ સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૨ સબ રૂલ–૨ માં જણાવ્યા મુજબ એપેન્ડીક્ષ–બી, ફોર્મ નં.૪ મુજબનો સમન્સ તા.૧૬/૦૧/ ૨૦૨૬ ના રોજનો ઈશ્યુ કરવા હુકમ કરેલ. જે આંક–૦૫ થી રજુ સમન્સ પ્રતિવાદીને તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ બજી જતા પ્રતિવાદી તેઓના વિ.વ.શ્રી સાથે મુદ્દત તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ અત્રેની અદાલતમાં હાજર થયેલ છે. આમ, પ્રતિવાદીને સમન્સની બજવણી થયાના ૧૦ દિવસમાં તેઓ તેઓના વકીલશ્રી મારફતે અત્રેની

અદાલતમાં હાજર થયેલ છે અને તેઓ તરફે અત્રેની અદાલતમાં આંક–૦૭ થી સરનામા પુરસીસ રજુ થયેલ છે.

(૪) ત્યારબાદ વાદી તરફે સમન્સ ફોર જજમેન્ટની અરજી આંક–૦૮ થી રજુ કરવામાં આવેલ છે. જે અરજીમાં વાદીએ તેઓની આંક–૧ ની દાવા અરજીને હાલની અરજીનો ભાગ ગણવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીને ઠાસરા વેપારી મંડળ કો.ઓ.ક્રેડિટ સોસાયટી લી.ના તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ સામાન્ય સભાના ઠરાવ નં.૧૪(૨) થી સંસ્થાના બાકીદારો વિરુધ્ધ દાવો કરવાની સત્તા આપવામાં આવેલી હોય અને આ કામના પ્રતિવાદીએ દાવા અરજીના પેરા નં.૨ મુંજબનું ધિરાણ મેળવેલ હોય જે નિયત સમયમાં ભરપાઈ કરેલ ના હોય પ્રતિવાદી પાસે વાદી સંસ્થાને રૂા.૬,૨૫,૦૧૮/– બાકી પડતા હોય જે વસુલ ચુકવી આપવા પ્રતિવાદીએ પ્રોમીસરી નોટ ઉપર સહીઓ કબુલાત કરેલ હોય તેમ છતાં ચુકવી આપતા ના હોય વાદી સંસ્થાના નાણા ડૂબાડવાની કોશિષ કરતા હોય વાદી સંસ્થાએ તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ તેઓના વકીલશ્રી મારફતે રજી.પો.એડીથી લીગલ નોટીસ આપેલી, જે નોટીસ યોગ્ય રીતે બજી જવા છતાં પણ પ્રતિવાદીએ કોઈ જવાબ રજુ કરેલ નથી અને વાદી સંસ્થાના બાકી નીકળતા રૂા.૬,૨૫,૦૧૮/– ચુકવી આપેલ ના હોય વાદી સંસ્થાએ પ્રતિવાદી વિરુધ્ધ નામ. કોર્ટમાં સી.પી.સી. ઓર્ડર ૩૭ મુજબ દાવો દાખલ કરેલો, જે દાવાના કામે પ્રતિવાદીને નોટીસ કાઢતા જે નોટીસ પ્રતિવાદીને યોગ્ય રીતે બજી જતા પ્રતિવાદી નામ. કોર્ટમાં હાજર થયેલા હોય અને તેઓએ સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૩ મુજબનું પોતાનું સરનામુ રજુ કરેલ છે, જેથી સદર કામ સમન્સ ફોર જજમેન્ટ માટે આવેલ હોય સદર કામમાં પ્રતિવાદી વિરુધ્ધ વાદી સંસ્થાએ કરેલ દાવામાં માંગ્યા મુજબની દાદ માટે સમન્સ ફોર જજમેન્ટનો હુકમ કરવા પ્રતિવાદી વિરુધ્ધ વાદી સંસ્થાને બાકી નીકળતી રકમ વ્યાજ સહિત પ્રતિવાદી ચુકવી આપે તે મુજબનો સમન્સ ફોર જજમેન્ટનો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદી સંસ્થાએ દાખલ કરેલ દાવાની હકીકતો જોતા તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જોતા પ્રતિવાદી બચાવ કરી શકે તેમ નથી કે

પ્રતિવાદી વાદીના દાવાથી વિરુધ્ધનું કઈ પુરવાર કરી શકે તેમ ના હોય પ્રતિવાદી વિરુધ્ધ સમન્સ ફોર જજમેન્ટનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ મુદ્દત તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ પ્રતિવાદી તરફે લીવ ટુ ડીફેન્સની અરજી રજુ કરવામાં આવેલ. જે પ્રતિવાદી તરફેની આંક-૧૦ ની લીવ ટુ ડીફેન્ડની અરજીમાં વાદીની દાવા અરજીમાં જણાવેલ તમામ બીના, વિગત, આક્ષેપો, પક્ષનિવેદન, વિધાનો વિગેરે ખરા નથી અને તેનો તેઓએ ઈન્કાર કરેલ છે. વધુમાં તેઓ અરજીમાં જણાવે છે કે, વાદીને તેઓની વિરુધ્ધ આવા પ્રકારની દાવા અજરી કરવાનો કોઈ કાયદેસરનો હકક કે અધિકાર ન હોય વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે. વાદી ઠાસરા વેપારી મંડળ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લી., ઠાસરા તે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ કો.ઓ.ક્રેડિટ સોસાયટી છે. મતલબ કે, વાદી ઠાસરા વેપારી મંડળ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લી., ઠાસરા તે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ માં કરેલ જોગવાઈઓ મુજબ વહીવટ કરવાનો છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯૬ માં કરેલ જોગવાઈ મુજબ વાદીએ મજકુર નંબરનો દાવો બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, નડિયાદમાં દાખલ કરવો જોઈએ. આ કામના પ્રતિવાદી ઠાસરા વેપારી મંડળ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લી., ઠાસરાના શેર હોલ્ડર યાને સભ્ય છે. વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ લોનની રકમ વસુલ મેળવવા માટે મજકુર નંબરથી દાવો કરેલ છે, પરંતુ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯૬ માં કરેલ જોગવાઈ મુજબ દાવો ચલાવવાની હકુમત બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, નડિયાદને છે. નામ. સીવીલ કોર્ટને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯૬ માં કરેલ જોગવાઈ મુજબ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લી.ના સભ્ય વિરુધ્ધનો દાવો ચલાવવાની હકુમત નથી, જેથી મુળથી જ દાવો રદ્દ થવાને પાત્ર છે. તદ્ઉપરાંત પ્રતિવાદીએ તેઓના અસલ સોનાના દાગીના વાદી કો.ઓપ.ક્રેડિટ સોસાયટીના તારણમાં આપી ધિરાણ મેળવેલ છે અને તેઓએ વાદી કો.ઓપ.ક્રેડિટ સોસાયટીના તારણમાં મુકેલા દાગીના વાદી કો.ઓપ.ક્રેડિટ સોસાયટીએ અધિકૃત કરેલ ચોકસી તરીકે સેવા આપતા ચિરાગકુમાર જગદીશભાઈ

ચોકસીનાઓએ તેઓના સોનાના દાગીનાઓની ખરાઈ કરેલ હતી અને તે ખરાઈ અંગેનું પ્રમાણપત્ર પણ આપેલ છે. જે પ્રમાણપત્ર વાદી સંસ્થા પાસે છે તેમજ જયારે તેઓને સોનાના દાગીના તારણમાં લઈ ધિરાણ આપવામાં આવેલ હતુ તે સમયે સોનાના એક તોલાનો ભાવ રૂા.૩૨,૫૦૦/– ચાલતો હતો, જયારે હાલમાં સોનાનો ભાવ એક તોલાના રૂા.૧,૩૫,૦૦૦/– થી વધુનો છે. આમ, તેઓના સોનાના દાગીના વેચીને પણ વાદી સંસ્થા તેઓના ધિરાણની રકમ ભરપાઈ કરી શકે છે. આમ, વાદીની દાવા અરજીના પેરા નં.૮ માં માંગણી કર્યા મુજબની કોઈ દાદ વાદી તેઓની વિરુધ્ધ મેળવવા હકકદાર નથી અને વાદીને માંગણી કર્યા મુજબની કોઈ દાદ મળી શકે તેમ નથી. વાદીને નાણાથી ન વળી શકે તેવુ નુકશાન થાય તેમ નથી. વાદી દાવામાં સફળ થાય તેવા કોઈ સંજોગો નથી. વાદીને આ દાવો તેઓની વિરુધ્ધ કરવા માટે કાયદેસરની કોઈ જરૂરીયાત ન હતી અને નથી. પ્રાયમાફેસી કેસ તેઓનો છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી તરફે છે. ઈરીપેરેબલ લોસ તેઓને થાય તેમ છે, જયારે વાદીનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી. ઉપરોકત જણાવેલ સંજોગો, કારણો અને હકીકતો હોય મજકુર નંબરના દાવામાં પ્રતિવાદીની વ્યાજબી અને ન્યાયિક તકરારો સમાયેલ હોય તેમજ વાદીના દાવાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૯૬ માં કરેલ જોગવાઈઓનો પણ સ્પષ્ટ બાધ નડતો હોય જે સંજોગોમાં પ્રતિવાદીને મજકુર નંબરના દાવામાં તેઓને બિનશરતી તેઓનો બચાવ કરવાની તક આપવામાં ન આવે તો તેઓને ભારે અન્યાય થાય તેમ છે અને ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી, જેથી ઉપરોકત કારણો, સંજોગો અને વિગતોને ધ્યાનમાં લઈ તેમજ સુનાવણી વખતની તેઓની રજુઆતોને ધ્યાનમાં લઈ મજકુર નંબરના દાવામાં તેઓની ન્યાયિક તકરારો સમાયેલ હોય જેથી તેઓને બિનશરતી તેઓનો બચાવ કરવાની પરવાનગી આપવા જરૂરી હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) પ્રતિવાદી તરફે આંક–૧૦ થી લીવ ટુ ડીફેન્સની અરજી રજુ થયા બાદ વાદી તરફે આંક–૧૧ થી વાંધાઓ રજુ થયેલ છે, જે વંચાણે લેતા તેમાં વાદી તરફે જણાવેલ છે કે, પ્રતિવાદીએ લીવ ટુ ડીફેન્સની અરજી રજુ કરેલ છે તે અરજી જોતા પ્રતિવાદીને

સદર દાવા સામે બચાવ રજુ કરવા પરવાનગી આપી શકાય તેમ નથી કારણ કે, પ્રતિવાદીને વાદી સંસ્થાએ દાવા અરજીમાં જણાવ્યા મુજબનું ધિરાણ આપેલ હતુ તે સમયે પ્રતિવાદીએ વ્યાજ સહિત નાણા પરત કરવાનુ જણાવેલ હતુ તેમ છતાં સમયમર્યાદામાં નાણા પરત કરેલ ના હોય પ્રતિવાદીએ વાદી સંસ્થાને તેમના ધિરાણ સંબંધે પ્રોમીસરી નોટ લખી આપેલ હતી, જે પ્રોમીસરી નોટ લખી આપેલ હોય પ્રતિવાદી વાદી સંસ્થાની બાકી પડતી લેણી રકમ ચુકવવા જવાબદાર હોય તેમ છતાં પ્રતિવાદીએ જાણી બુજીને સંસ્થાના એટલે કે, પબ્લિક મની ડુબાડવાની કોશિષ કરેલ છે. જે બાબતે પ્રતિવાદીને વાદી સંસ્થા મારફતે અગાઉ નોટીસથી જાણ કરવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ વાદીની નોટીસનો કોઈ લેખિત જવાબ પણ આપેલ નથી. પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી જોવામાં આવે તો તે નામ. કોર્ટનો સમય બગાડવાના હેતુથી કરેલ હોય જેથી સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૩(૧) મુજબની જોગવાઈ જોવામાં આવે તો પ્રતિવાદીની અજરી મંજુર થઈ શકે તેમ નથી. પ્રતિવાદી તરફે શરૂઆતથી કોઈ બચાવ લેવામાં આવેલ નથી. પ્રતિવાદી તરફે અરજી સાથે કોઈ સજ્જડ પુરાવા કે બચાવ કરવાની પરવાનગી મળી શકે તેવા કોઈ પુરાવા અરજી સાથે રજુ કરેલ નથી. વાદીનો દાવો જોવામાં આવે તો પ્રતિવાદી ધ્વારા વાદી સંસ્થામાંથી મેળવેલ ધિરાણ બાબતે સ્પષ્ટપણે જણાય આવે છે કે, આજે પણ પ્રતિવાદી પાસે સદર દાવામાં જણાવેલ લેણી રકમ તેઓને લેવાની બાકી નીકળે છે અને તે રેકર્ડ આધારે પણ ફલિત થાય છે, પરંતુ પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી જોતા તેમની અરજીમાં કરેલ આક્ષેપ મુજબના કોઈ પુરાવા પ્રતિવાદી તરફે રજુ થયેલ ના હોય તેમ છતાં પ્રતિવાદીની અરજી મંજુર કરવામાં આવે તો વાદીના દાવાનો અર્થ સરે નહી અને વાદીના દાવાને નુકશાન જાય તેમ હોય જેથી પણ પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજીના પેરા નં.૧ થી ૫ ની હકીકતો ખરી નથી તેમજ વાદીને કબુલ મંજુર અને બંધનકર્તા નથી. ખરી હકીકતે રેકર્ડ જોતા પણ પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટપણે જણાય આવે છે કે, મજકુર નંબરના દાવામાં રજુ કરેલ

પુરાવા જોતા પુરાવાઓમાં એટલે કે, ધિરાણ મેળવતા સમયે જે વાદીની તરફેણમાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓમાં સહીમત્તા કરી આપેલ છે તે સહીઓ પ્રતિવાદીની જ છે અને તે બાબતે આજદીન સુધી કોઈ તકરાર લીધેલ નથી જેથી ધિરાણ મેળવતા સમય વાદીની તરફેણમાં જે દસ્તાવેજી પુરાવાઓમાં સહીઓ કરેલ છે જે પ્રતિવાદીને કબુલ મંજુર અને બંધનકર્તા છે જે પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વધુમાં પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજીના પેરા નં.૬ માં જણાવેલ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોવાની જણાવી તેઓએ જણાવેલ છે કે, મજકુર દાવાના કામે વાદીને સી.પી.સી. ઓર્ડર–૩૭ મુજબ સમરી દાવો પ્રોમીસરી નોટ ઉપર કરવાનો અધિકાર છે અને કાયદામાં અબાધિત અધિકારો આપેલા છે. વાદી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ મુજબ દાવો કરેલ નથી પરંતુ પ્રોમીસરી નોટ ઉપર કરેલ છે, જેથી નામ. કોર્ટને સદર દાવો સીવીલ રાહે એટલે કે, સી.પી.સી. ઓર્ડર–૩૭ મુજબ સમરી દાવો ચલાવવાની સત્તા છે અને શેર હોલ્ડર યાને સભ્ય વાદીની સંસ્થાના હોવાના નાતે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૯૬ મુજબ જ દાવો કરવો એવો કોઈ કાયદો નથી પરંતુ વાદી સંસ્થા સીવીલ રાહે ઓછા ખર્ચામાં અને સરળ રીતે ઝડપી ન્યાય મળે તે હેતુને ધ્યાનમાં રાખીને સદર દાવો કરેલ છે, જે દાવો સાચો અને ખરો હોય જેથી પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી રદ્દ થવાને પાત્ર છે. વાદીએ હાલના દાવા સિવાય સદર રકમ વસુલ મેળવવા પ્રતિવાદી વિરુધ્ધ અન્ય કોઈ જગ્યાએ દાવો કરેલ નથી તેમજ સી.પી.સી. ઓર્ડર ૩૭ માં મળી શકે તે સિવાયની કોઈ દાદ માંગેલ નથી, જેથી પણ પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજીની હકીકતો માની શકાય તેમ નથી. વધુમાં પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજીના પેરા નં.૭ માં જણાવેલ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોવાની જણાવી તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી સંસ્થાએ અધિકૃત કરેલ ચોકસી તરીકે સેવા આપતા ચિરાગકુમાર જગદીશભાઈ ચોકસીનાઓને સોના ચાંદીના દાગીના ઉપર ધિરાણ કરવાનુ હોય તે સોનુ કે ચાંદી સાચુ છે કે ખોટુ તેની પરખ કરવા માટે અધિકૃત કરેલ હતા અને તેમના પ્રમાણપત્રના આધારે જ વાદી સંસ્થા

તેમના વેલ્યુએશન રીપોર્ટના આધારે જ ધિરાણ કરતી હોય છે, પરંતુ પ્રતિવાદી અને તે સિવાયના બીજા અન્ય ઘણા લોકોએ તેમજ સંસ્થાના અધિકૃત ચોકસી ચિરાગકુમાર જગદીશભાઈનાઓએ ભેગા મળી સંસ્થાની સાથે છેતરપીંડી કરી ખોટા સોનાના દાગીના હોવા છતાં પણ સાચા તરીકેનું બતાવી અને સંસ્થાના અધિકૃત ચોકસી તરીકે સેવા આપતા ચોકસી ચિરાગકુમાર જગદીશભાઈનાઓએ ખોટુ પ્રમાણપત્ર આપેલ હોય અને સંસ્થામાંથી માતબર રકમનું ધિરાણ મેળવી સંસ્થાને ખુબ જ મોટા આર્થિક નુકશાનમાં ઉતારવાનું દુષ્કૃત્ય કરેલ, જેના આધારે વાદી સંસ્થાને તેમજ અધિકૃત ચોકસી તરીકે સેવા આપતા ચિરાગકુમાર જગદીશભાઈ ચોકસી તેમજ બીજા અન્ય ઘણા ઈસમો વિરુધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશમાં ઠાસરા ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૪૦૧૯૧/૨૦૨૪ થી આઈ.પી.સી.ની કલમ-૪૦૯, ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ હતો અને જે ઈસમો વિરુધ્ધ વાદી સંસ્થાએ ગુનો દાખલ કરાવેલ હતો તે ઈસમોએ વાદી સંસ્થામાં ખોટા સોનાના દાગીના મુકી ખોટી રીતે ધિરાણ મેળવેલ હતુ. તે ધિરાણ જે જે ઈસમોએ ભરપાઈ કરેલ હતુ તે જ ઈસમોને નામ. કોર્ટે જામીન ઉપર મુકત કરેલ છે અને હાલમાં નામ. કોર્ટ સમક્ષ સદર કેસ ન્યાય નિર્ણયને આધિન છે અને પ્રતિવાદીએ જે ખોટી રીતે ખોટા સોનાના દાગીના મુકી ધિરાણ મેળવેલ હતુ તે ધિરાણ ભરપાઈ ન કરતા ધિરાણ સમયે કરી આપેલ વાદી સંસ્થાની તરફેણના દસ્તાવેજી પુરાવાઓના આધારે હાલનો દાવો કરેલ છે. જેથી સોનાના દાગીના વેચીને વાદી સંસ્થા ધિરાણની રકમ ભરપાઈ કરી શકે તેમ નથી અને ખોટા સોનાના દાગીના બજારમાં વેચી શકાય તેમ નથી. આમ, પ્રતિવાદીનો ઈરાદો પહેલેથી જ ખોટો હતો અને વાદી સંસ્થા જાહેર જનતાની માલિકીની એટલે કે, સભાસદોની સંસ્થા છે અને વાદી સંસ્થામાં સામાન્ય નાગરિકોની મહેનત મજુરી કરીને બચાવેલ રકમ મુકેલ છે. આમ, સદર રકમ જાહેર જનતાની છે નહી કે પોતાની માલિકીની, જેથી કરી પ્રતિવાદી સદર ધિરાણ ભરપાઈ કરવા માટે જવાબદાર અને બંધાયેલા હોય જેથી પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી રદ્દ થવાને પાત્ર છે. વધુમાં

પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજીના પેરા નં.૮ માં જણાવેલ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોવાની જણાવી તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી સંસ્થાએ જે પ્રતિવાદીને ધિરાણ કરેલ છે તે સાચુ ધિરાણ છે, પરંતુ પ્રતિવાદીએ જ સંસ્થા સાથે છેતરપીંડી કરવાના બદઈરાદાથી જ ધિરાણ મેળવેલ છે. પ્રતિવાદી જાણતા હતા કે, સોનાના દાગીના સંસ્થામાં ગીરવે મુકી ધિરાણ મેળવુ છું તે સોનાના દાગીના ખોટા હોવા છતાં પણ સાચા તરીકેનો ઉપયોગ કરી ચોકસી ચિરાગકુમાર જગદીશભાઈનાઓ સાથે મળી જઈ એકબીજાના મેળાપીપણામાં સદર ધિરાણ મેળવેલ છે અને સંસ્થાએ જે ધિરાણ આપેલ છે તે ધિરાણ પબ્લિક મની છે. આમ, જો પ્રતિવાદીને બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે તો વાદીને ભારોભાર અન્યાય થાય તેમ છે અને વાદીને નાણાની પણ ના વાળી શકાય તેવુ ગંભીર પ્રકારનું અમાપ નુકશાન થાય તેમ છે. પ્રતિવાદીનો મલીન ઈરાદો છે. લીવ ટુ ડીફેન્સની અરજીમાં જે બચાવની હકીકતો રજુ કરેલ છે તે તદ્દન પાયાવિહોણી, જુઠ્ઠી, વાહિયાત અને કાયદાનો ખોટો ગેરલાભ લેવાનો અને નામ. કોર્ટની સહાનુભૂતિ મેળવવા માટેનો એક પ્રયત્ન છે અને આવા મલિન ઈરાદામાં પ્રતિવાદી સફળ થાય તો પ્રતિવાદીને નવિન હકકો ઉભા થાય તેમ છે અને વાદી સંસ્થાએ નામ. કોર્ટ સમક્ષ દિવાની રાહે વસુલાત માટેની જે કાર્યવાહી કરેલ છે તે કાર્યવાહી જોતા પ્રથમદર્શનીય કેસ વાદીનો છે અને ન્યાયની સમતુલા વાદીની તરફેણમાં છે અને આવવા સંજોગોમાં પ્રતિવાદીને બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે તો વાદી સંસ્થાના કાયદેસરના હકકો નષ્ટ થાય તેમ છે અને સદર કામે ન્યાયિક તકરારો કોઈ સમાયેલી નથી. જેથી પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની અરજી નામંજુર કરી બચાવ કરવાની પરવાનગી નહી આપવા તથા સદર કામ આગળ ચલાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૭) વાદી તરફે તેઓની દાવા અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી નિ.૩/૧૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે, જે વંચાણે લીધા. પ્રતિવાદી તરફે તેઓની આંક–૧૦ ની અરજીના સમર્થનમાં કોઈપણ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. વધુમાં વાદીની દાવા અરજી તથા પ્રતિવાદીની આંક–૧૦ વાળી અરજી ઘ્યાને લઈ નામ. અદાલત સમક્ષ

નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

(૧) શું પ્રતિવાદીની આંક–૧૦ વાળી લીવ ટુ ડીફેન્સની અરજી શરતી કે બિનશરતી મંજુર કરવાને પાત્ર છે ?

(૨) શુ હુકમ ?

**<u>નિર્ણય</u>**

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**<u>મુદ્દા નં.૧ :–</u>**

(૮) આ કામે વાદી પક્ષે હાલનો દાવો દિવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ ના હુકમ ૩૭ મુજબ સમરી દાવો આ કામના પ્રતિવાદી વિરુધ્ધ રૂા.૬,૨૫,૦૧૮/– વસુલ મેળવવા માટે દાખલ કરેલ હતો. આ કામે વાદીની દાવા અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી આધારો જોવામાં આવે તો, આ કામના વાદી કો.ઓ.ક્રેડિટ સોસાયટી છે અને તેઓ આ કામના પ્રતિવાદીને નાણાની જરૂરીયાત પડતા આ કામના પ્રતિવાદીએ પોતાની પાસે રહેલ સોનાના દાગીના વાદી ક્રેડિટ સોસાયટીમાં રજુ કરેલ અને વાદી ક્રેડિટ સોસાયટીના વેલ્યુઅર ચિરાગ જગદીશભાઈ ચોકસીનાઓએ પ્રતિવાદીએ વાદી સસ્થામાં રજુ કરેલ સોનાના દાગીનાની ચકાસણી કરવા જણાવેલ. ત્યારબાદ ચિરાગ જગદીશભાઈ ચોકસીનાઓએ પ્રતિવાદીએ રજુ કરેલ સોનાના દાગીનાની ખરાઈ કરી ખરાઈ અંગેનું પ્રમાણપત્ર આપેલુ અને તે સમયે સોનાનો જે બઝાર ભાવ ચાલતો હતો તે પ્રમાણે વાદી સંસ્થામાં પ્રતિવાદીએ ગોલ્ડ ઉપર ધિરાણ મેળવવા માટે તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ અરજી કરેલી હતી. જે અરજી વાદી સંસ્થાના કમિટી મેમ્બર તથા બોર્ડ ધ્વારા મંજુરી આપતા પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ વાદી સંસ્થામાં સહી કરીને રજુ કરેલ અને વાદી સંસ્થાએ પ્રતિવાદીને રૂા.૪,૮૪,૦૦૦/– નું ગોલ્ડ ધિરાણ ૮.૭૫% ના વ્યાજદરે નકકી કરેલ અને જેનો લોન ધિરાણનો ખાતા નં.જી.૧૯૪૫ આપવામાં આવેલ હતો.

ત્યારબાદ સદરહુ ગોલ્ડ ધિરાણ આ કામના પ્રતિવાદીએ તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ સુધીમાં ભરપાઈ કરવાનુ હતુ અને તે અંગે પ્રતિવાદીએ વાદી સંસ્થાની તરફેણમાં ડીમાન્ડ પ્રોમીસરી નોટ ઉપર સહી કરી અને કબુલાત કરી આપેલ હતી. ત્યારબાદ આ કામના પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત ગોલ્ડ ધિરાણ નિયત સમયમર્યાદામાં પરત ચુકવી ન આપતા વાદી સંસ્થાએ પ્રતિવાદી વિરુઘ્ધ હાલનો દાવો વ્યાજ સહિતની લેણી રકમ રૂા.૬,૨૫,૦૧૮/– વસુલ મેળવવા માટે દાખલ કરેલ હતો. વાદીએ દાવા અરજી સાથે નિ.૩/૧ થી ડીમાન્ડ પ્રોમીસરી નોટ, નિ.૩/૨ થી સોના ચાંદીના દાગીનાના તારણ સામે કરજ લેવાની અરજી, નિ.૩/૩ થી ચિરાગ જગદીશભાઈ ચોકસીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. વાદી પક્ષે રજુ કરેલ નિ.૩/૧ અને ૩/૨ વાળા દસ્તાવેજો જોવામાં આવે તો, તેમાં આ કામના પ્રતિવાદીની સહી અને ફોટો છે. આ કામના પ્રતિવાદી પક્ષ આંક–૧૦ થી લીવ ટુ ડીફેન્સની જે અરજી રજુ કરેલી છે તે અરજીને પ્રતિવાદી પક્ષે ઉપરોકત દસ્તાવેજોને કોઈ જગ્યાએ પડકારેલા નથી, જેથી ઉપરોકત દસ્તાવેજોને આ તબકકે નહી માનવાને કોઈ કારણ નથી.

આ કામે પ્રતિવાદી પક્ષે આંક–૧૦ થી જે લીવ ટુ ડીફેન્સની અરજી રજુ કરેલી છે તે જોવામાં આવે તો તેમાં તેઓની મુખ્યત્વે તકરાર છે કે, વાદી સંસ્થા કો.ઓપ. ક્રેડિટ સોસાયટી છે અને તે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સોસાયટી છે અને તે મુજબ વહીવટ કરે છે. સદરહુ કાયદાની કલમ–૯૬ મુજબ આ કામના વાદીએ પ્રતિવાદી વિરુઘ્ધ કોઈ દાવો કરવાનો હોય તો બોર્ડ ઓફ નોમીનીઝમાં કરવાનો રહે છે. આ કામના પ્રતિવાદી વાદી સંસ્થાના સભ્ય છે અને ઉપરોકત કાયદાની કલમ–૯૬ માં કરેલ જોગવાઈ મુજબ સભ્ય સામે કોઈ દાવો કરવાનો થાય તો તે બોર્ડ ઓફ નોમીનીઝમાં કરવાનો રહે છે, સીવીલ કોર્ટને આવી કોઈ સત્તા આપવામાં આવેલી નથી. જેથી વાદીના હાલના દાવાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૯૬ માં કરેલ જોગવાઈનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ્દ કરવા વિનંતી કરેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ વાદી સંસ્થામાં જે સોનુ જમા કરાવેલ હતુ

તે અસલ અને ચોખ્ખુ હતુ અને તેની હાલની બજાર કિંમત જોતા એક તોલાના રૂા.૧,૩૫,૦૦૦/– જેટલા થાયે છે, તો વાદી સંસ્થા પ્રતિવાદીએ જમા કરાવેલ સોનુ વેચીને પણ તેઓની લેણી રકમ વસુલ કરી શકે તેમ છે, પરંતુ વાદી સંસ્થાએ આવુ ન કરતા પ્રતિવાદી વિરુધ્ધ હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે.

આ કામે પ્રતિવાદી પક્ષે **ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૯૬** ની જોગવાઈની હકીકત જણાવેલ છે તે જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**(1) Notwithstanding anything contained in any other law for the time being in force, any dispute touching the constitution, management or business of a society shall be referred in the prescribed form either by any of the parties to the dispute, or by a federal society to which the society is affiliated, or by a creditor of the society, to the Registrar, if the parties thereto are from amongst the following:-**

**(a) a society, its committee, any past committee, any past or present officer, any past or present agent, any past or present servant or nominee, heir or legal representative of any deceased officer, deceased agent or deceased servant of the society, or the Liquidator of the society;**

**(b) a member, past member or a person claiming through a member, past member or a deceased member of a society, or a society which is a member of the society ;**

**(c) a person, other than a member of the society, who has been granted a loan by the society, or with whom the society has or had transactions under the provisions of section 46, and any person claiming through such a person;**

**(d) a surety of a member, past member or a deceased member, or a person other than a member who has been granted a loan by the society under section 46, whether such a surety is or is not a member of the society;**

**(e) any other society, or the Liquidator of such a society.**

**(2) When any question arises whether for the purposes of sub-section (1) a matter referred to for decision is a dispute or not, the question shall be**

**considered by the Registrar, whose decision shall be final.**

**Explanation I - For the purposes of this sub-section, a dispute shall include-**

**(i) a claim by a society for any debt or demand due to it from a member, past member or the nominee, heir or legal representative of a deceased member, without such a debt or demand be admitted or not;**

**(ii) a claim by a surety for any sum or demand due to him from the principal borrower in respect of a loan by a society and recovered from the surety owing to the default of the principal borrower, whether such a sum or demand be admitted or not;**

**(iii) a claim by a society for any loss caused to it by a member, past member, or deceased member, by any officer, past officer or deceased officer, by any agent, past agent or deceased agent, or by any servant, past servant or deceased servant, or by its committee, past or present whether such loss be admitted or not;**

**(iv) a refusal or failure by a member, a past member or a nominee, heir or legal representative of a deceased member, to deliver possession to a society of land or any other asset resumed by it for breach of conditions of the assignment.**

**Explanation II - For the purposes of this section, the expression "agent" includes in the case of a housing society, an architect, engineer, or contractor engaged by the society.**

આમ, ઉપરોકત કલમની પેટા જોગવાઈ (સી) જોવામાં આવે તો, જયારે કોઈ સભ્ય સિવાય અન્ય કોઈ વ્યકિતએ મંડળીમાંથી લોન કે રકમ લીધેલી હોય ત્યારે તે રકમની રીકવરી માટે મંડળીએ બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાં દાવો કરવાનો રહે છે. હાલના કેસમાં પ્રતિવાદી વાદી સંસ્થાના સભ્ય છે અને તેઓ ધ્વારા વાદી સંસ્થામાંથી સોનાના દાગીના ઉપર ધિરાણ મેળવેલ હતુ. વધુમાં આ કામે વાદી પક્ષે આંક–૧૧ થી પ્રતિવાદી પક્ષની આંક–૧૦ વાળી લીવ ટુ ડીફેન્સની અરજી સામે વાંધા રજુ કરેલ છે અને તેની સાથે નિ.૧૨/૧ થી ઠાસરા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.

૧૧૨૦૪૦૬૦૨૪૦૧૯૧/૨૦૨૪ થી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા ૧૨૦(બી) મુજબના ગુનાની ફરીયાદ રજુ કરેલ છે તે જોવામાં આવે તો, તેમાં પાના નં.૯ ઉપર પેરા નં.૪ માં જણાવ્યા મુજબ **તહોમતદાર નં.૫ કિરણભાઈ મેલાભાઈ બારીયાનાઓએ ગોલ્ડ લોન ખાતા નં.જી.૧૯૪૫ થી રજુ કરેલ દાગીનાની ચિરાગ ચોક્સીનાઓને સોસાયટીમાં બોલાવી આરોપી નં.૫ ની રૂબરૂમાં સોનાના દાગીનાની ચકાસણી કરાવેલી અને ચોખ્ખુ વજન ૨૧૩ ગ્રામ જેનો ૧૦ ગ્રામનો ભાવ રૂા.૩૨,૫૦૦/– લેખે કુલ કિં.રૂા.૬,૯૨,૨૫૦/– નું આરોપી ચિરાગ ચોકસીનાઓએ વેલ્યુએશન રીપોર્ટ કરી આપેલો અને લોનના ફોર્મમાં વેલ્યુઅર તરીકે ફોર્મમાં પોતાની સહી કરી આપેલી અને તેના આધારે વાદી સંસ્થાએ તહોમતદાર નં.૫ કિરણભાઈ મેલાભાઈ બારીયાને વેલ્યુએશનના ૭૦% લેખે રૂા.૪,૮૪,૦૦૦/– પુરા ૮.૭૫% ના વ્યાજ સાથે ધિરાણ મંજુર કરેલ અને તેના બદલામાં તહોમતદાર નં.૫ કિરણભાઈ મેલાભાઈ બારીયાનાએ ધિરાણ કબુલાત ફોર્મ અને પ્રોમીસરી નોટમાં સહી કરી આપેલી.** આ કામના પ્રતિવાદી તથા વાદી સંસ્થાના વેલ્યુઅર ચિરાગભાઈ જગદીશભાઈ ચોકસીનાઓએ ભેગા મળીને ખોટો વેલ્યુએશન રીપોર્ટ વાદી સંસ્થામાં રજુ કરી ખોટા સોનાના દાગીનાઓને સાચા તરીકે બતાવી વાદી સંસ્થા પાસેથી રૂા.૪,૮૪,૦૦૦/– ૮.૭૫% ના વ્યાજ સાથે ધિરાણ મેળવેલ હતુ અને તે ધિરાણ વાદી સંસ્થાને પ્રતિવાદીએ તા.૦૨/૦૨/૨૦૨૪ સુધીમાં ભરપાઈ કરવાની શરત હતી. તે રકમ વાદી સંસ્થામાં ભરપાઈ નહી કરીને વાદી સંસ્થાને આર્થિક નાણાકીય નુકશાનીમાં ઉતારેલ છે. આ કામે પ્રતિવાદીએ હાલની આંક–૧૦ વાળી અરજીના પેજ નં.૨ ઉપર પેરા નં.૬ માં જે હકીકત જણાવેલી છે તે હકીકત અંગે પુરાવો નોંધવો ખુબ જ જરૂરી છે. પરંતુ સાથે સાથે વાદી સંસ્થાને જે આર્થિક નાણાકીય નુકશાન થયેલ છે તે નુકશાનને ભરપાઈ કરવા માટે પણ નામ. અદાલત ધ્વારા પ્રતિવાદી અમુક રકમ જમા કરાવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

આ તબકકે નામ. અદાલત ધ્વારા **નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા બી.એલ.કશ્યપ**

**એન્ડ સન્સ લી. વિરુધ્ધ જે.એમ.એસ. સ્ટીલ્સ એન્ડ પાવર કોર્પોરેશન, ૨૦૨૨(૩) એસ.સી.સી. પાના નં.૨૯૪** ઉપર પ્રસ્થાપિત થયેલ ચુકાદાને ધ્યાને લીધેલ છે. જેમાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા પેરા નં.૧૭ માં પ્રસ્થાપિત કરેલ છે કે,

**"17. It is at once clear that even though in the case of IDBI Trusteeship, this Court has observed that the principles stated in paragraph 8 of Mechelec Engineers' case shall stand superseded in the wake of amendment of Rule 3 of Order XXXVII but, on the core theme, the principles remain the same that grant of leave to defend (with or without conditions) is the ordinary rule; and denial of leave to defend is an exception. Putting it in other words, generally, the prayer for leave to defend is to be denied in such cases where the defendant has practically no defence and is unable to give out even a semblance of triable issues before the Court.**

**17.1. As noticed, if the defendant satisfies the Court that he has substantial defence, i.e., a defence which is likely to succeed, he is entitled to unconditional leave to defend. In the second eventuality, where the defendant raises triable issues indicating a fair or bonafide or reasonable defence, albeit not a positively good defence, he would be ordinarily entitled to unconditional leave to defend. In the third eventuality, where the defendant raises triable issues, but it remains doubtful if the defendant is raising the same in good faith or about genuineness of the issues, the Trial Court is expected to balance the requirements of expeditious disposal of commercial causes on one hand and of not shutting out triable issues by unduly severe orders on the other. Therefore, the Trial Court may impose conditions both as to time or mode of trial as well as payment into the Court or furnishing security. In the fourth eventuality, where the proposed defence appear to be plausible but improbable, heightened conditions may be imposed as to the time or mode of trial as also of payment into the Court or furnishing security or both, which may extend to the entire principal sum together with just and requisite interest.**

**17.2. Thus, it could be seen that in the case of substantial defence, the defendant is entitled to unconditional leave; and even in the case of a triable issue on a fair and reasonable defence, the defendant is ordinarily entitled to unconditional leave to defend. In case of doubts about the intent of the defendant or genuineness of the triable issues as also the probability of defence, the leave could yet be granted but while imposing conditions as to the time or mode of trial or payment or furnishing security. Thus, even in such cases of doubts or reservations, denial of leave to defend is not the rule; but appropriate conditions may be imposed while granting the leave. It is only in the case where the defendant is found to be having no substantial defence and/or raising no genuine triable issues coupled with the Court's view that the defence is frivolous or vexatious that the leave to defend is to be refused and the plaintiff is entitled to judgment forthwith. Of course, in the case where any part of the amount claimed by the plaintiff is admitted by the defendant, leave to defend is not to be granted unless the amount so admitted is deposited by the defendant in the Court.**

**17.3. Therefore, while dealing with an application seeking leave to defend, it would not be a correct approach to proceed as if denying the leave is the rule or that the leave to defend is to be granted only in exceptional cases or only in cases where the defence would appear to be a meritorious one. Even in the case of raising of triable issues, with the defendant indicating his having a fair or reasonable defence, he is ordinarily entitled to unconditional leave to defend unless there be any strong reason to deny the leave. It gets perforce reiterated that even if there remains a reasonable doubt about the probability of defence, sterner or higher conditions as stated above could be imposed while granting leave but, denying the leave would be ordinarily countenanced only in such cases where the defendant fails to show any genuine triable issue and the Court finds the defence to be frivolous or vexatious."**

હવે કાયદાકીય સ્થિતિ જોવામાં આવે તો નામ. ગુજરાત હાઈકોર્ટે **Jashbhai Motibhai Patel vs Hasmukhbhai Ravjibhai Patel, AIR1992GUJ115** ના

ચુકાદામાં નામ. મદ્રાસ હાઈકોર્ટે **M. Venugopal V/s. G. Manohar, (2004) 07 MAD CK 0124** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

**"(a) If the defendant satisfies the Court that he has a good defence to the claim on its merits the plaintiff is not entitled to leave to sign judgment and the defendant is entitled to unconditional leave to defend.**

**(b) If the defendant raises a triable issue indicating that he has a fair or bona fide or reasonable defence although not a positively good defence the plaintiff is not entitled to sign judgment and the defendant is entitled to unconditional leave to defend.**

**(c) If the defendant discloses such facts as may be deemed sufficient to entitle him to defend, that is to say, although the affidavit does not positively and immediately make it clear that he had a defence, yet, shews such a state of facts as leads to the inference that at the trial of the action he may be able to establish a defence to the plaintiff''s claim the plaintiff is not entitled to judgment and the defendant is entitled to leave to defend but in such a case the Court may in its discretion impose conditions as to the time or mode of trial but not as to payment into Court or furnishing security.**

**(d) If the defendant has no defence or the defence set up is illusory or sham or practically moonshine then ordinarily the plaintiff is entitled to leave to sign judgment and the defendant is not entitled to leave to defend.**

**(e) If the defendant has no defence or the defence is illusory or sham or practically moonshine then although ordinarily the plaintiff is entitled to leave to sign judgment, the Court may protect the plaintiff by only allowing the defence to proceed if the amount claimed is paid into Court or otherwise secured and give leave to the defendant on such condition, and thereby show mercy to the defendant by enabling him to try to prove a defence."**

આમ, વાદીની દાવા અરજી તથા વાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી આધારો તથા પ્રતિવાદી પક્ષે રજુ કરેલ આંક-૧૦ વાળી અરજી તથા ઉપરોકત ચુકાદાઓની

જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો આ કામના પ્રતિવાદી પક્ષે આંક–૧૦ વાળી અરજીમાં મુખ્યત્વે તકરાર લીધેલ છે કે, વાદીના દાવામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ–૯૬ નો બાધ નડે છે અને હાલનો દાવો નામ. કોર્ટને ચલાવવાની હકુમત નથી, પરંતુ નામ. અદાલત ધ્વારા ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા નામ. અદાલતને હાલનો દાવો ચલાવવાની સત્તા રહેલી છે, પરંતુ પ્રતિવાદી પક્ષને હાલનો દાવો નામ. અદાલતને ચલાવવાની સત્તા નથી તે હકીકતને સાબિત કરવા માટે એક ન્યાયી અને પુરત તક આપવી જરૂરી જણાતી હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે પ્રતિવાદી પક્ષની હાલની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) વાદી તરફે રજુ આંક–૦૮ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદી તરફે રજુ આંક–૧૦ ની લીવ ટુ ડીફેન્ડની અરજી શરતી મંજુર કરવામાં આવે છે અને આ કામના પ્રતિવાદીએ દિન–૩૦ માં વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલી કુલ રકમ રૂ.૬,૨૫,૦૧૮/– ના ૧૦% એટલે કે, રૂ.૬૨,૫૦૨/– નામ. અદાલતમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને પ્રતિવાદી પક્ષે ઉપરોકત રકમ જમા કરાવ્યેથી હાલનો સદર સમરી દાવા તરીકે ફેંસલ કરવામાં આવશે અને સદર દાવાને રેગ્યુલર દાવા તરીકે આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવશે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૬ ઠઠી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 06/03/2026 17:45:10 IST.

તારીખ :૦૬/૦૩/૨૦૨૬
સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠકકર)**
મુખ્ય સીવીલ જજ
જીજે ૦૧૪૫૫